# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 02-08-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી

સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની અધ્યક્ષતામાં રાષ્ટ્રપતિ ભવન ખાતે રાજ્યપાલોના બે દિવસીય સંમેલનનો પ્રારંભ.
- ✓ વાયનાડ ભુસ્ખલન હોનારતમાં મૃત્યુઆંક વધીને 300ને પાર. હજી પણ કેટલાંક લોકો દટાયા હોવાની આશંકા.
- ✓ ઉત્તરાખંડમાં ભારે વરસાદને પગલે કેદારનાથ યાત્રા સ્થગિત, બે હજારથી વધુ શ્રદ્ધાળુઓને બચાવાયા.
- ✓ ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી
- ✓ પેરિસ ઓલિમ્પિકની બેડમિન્ટનની પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં લક્ષ્ય સેન ચીનના ખેલાડી સામે રમશેઃ
- ✓ અને ક્રિકેટમાં આજથી ભારત-શ્રીલંકા વચ્ચે વન-ડે મેચ શ્રેણીનો કોલંબોમાં પ્રારંભ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PRESIDENT GOVERNOR _UPDATED*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની અધ્યક્ષતામાં રાજ્યપાલોનું બે દિવસીય સંમેલન આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે શરૂ થયું છે. આ સંમેલનમાં તમામ રાજ્યોના રાજ્યપાલ ઉપરાંત ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અમિત શાહ, ધર્મેન્દ્ર પ્રધાન, શિવરાજ સિંહ ચૌહાણ, અશ્વિની વૈષ્ણવ અને ડૉ મનસુખ માંડવિયા સહિતના મંત્રીઓ ઉપસ્થિત રહ્યા છે.

આ સંમેલનમાં નીતિ પંચના ઉપાધ્યક્ષ અને મુખ્ય કાર્યકારી અધિકારીઓ, પ્રધાનમંત્રી કાર્યાલય અને ગૃહમંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સામેલ છે. બેઠકમાં નવા ફોજદારી કાયદાઓનો અમલ, ઉચ્ચ શિક્ષણમાં સુધાર અને યુનિવર્સિટીઓને માન્યતા તેમજ આદિવાસી વિસ્તારો, જિલ્લાઓ કે આંતરિયાળ વિસ્તારો માટે જરૂરી વિકાસના મુદ્દાઓ અંગે ચર્ચા કરાશે.
ઉપરાંત એક ભારત, શ્રેષ્ઠ ભારત, એક પેડ મા કે નામ તેમજ પ્રાકૃતિક ખેતી જેવા અભિયાનોમાં રાજ્યપાલોની ભૂમિકા અંગે ચર્ચા કરાશે.

## *UPI TRANSACTION*

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ – UPI આધારિત વ્યવહારો જુલાઈ મહિનામાં વધીને 20.64 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયા છે. નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાએ ગઈ કાલે આ અંગે અહેવાલ જાહેર કર્યો છે, જેમાં કહેવાયુ છે કે UPI ટ્રાન્ઝેક્શનમાં વાર્ષિક ધોરણે 35 ટકાનો વધારો થયો છે.

જુલાઈમાં કુલ UPI ટ્રાન્ઝેક્શનની સંખ્યા પ્રતિ માસ લગભગ 4 ટકા વધીને 14.44 અબજ થઈ છે. જ્યારે સરેરાશ દૈનિક ટ્રાન્ઝેક્શનની સંખ્યા 46.6 કરોડની આસપાસ છે. UPI પર RuPay ક્રેડિટ કાર્ડ અને વિદેશમાં તેના લોન્ચિંગને કારણે UPIમાં પ્રતિમાસ 60 લાખ નવા વપરાશકર્તાઓનો વધારો થઈ રહ્યો છે.

## *CBI NEET*

કેન્દ્રીય તપાસ પંચ – CBIએ નીટ યૂજી પ્રવેશ પરીક્ષા પેપર લીક મામલે ગઈકાલે 13 આરોપીઓ સામે પહેલું આરોપનામું દાખલ કર્યું છે.

આ આરોપનામામાં મુખ્ય આરોપી મનિષ પ્રકાશ, સિકન્દર યાદવેંદ્ દ તેમજ 11 અન્ય સામે કેસ નોંધવામાં આવ્યા છે. બિહાર પોલીસના આર્થિક ગુનાખોરી એકમે પેપર લીક મામલે સંગઠીત

કૌભાંડને ઉજાગર કર્યું હતું. 4 મેના રોજ પટણાના શાસ્ત્રી નગર પોલીસ સ્ટેશનમાં પ્રથમ કેસ નોંધાયો હતો. જે બાદ આ સમગ્ર તપાસ સીબીઆઈને સોંપી દેવાઈ હતી.

તપાસ એજન્સીએ તપાસ દરમિયાન પુરાવાઓ માટે ઉચ્ચ ફોરન્સિક તકનિક, AI, CCTV ફૂટેજ, સ્થળ વિશ્લેષણ અને અન્ય સાધનોનો ઉપયોગ કર્યો છે.

સીબીઆઈએ આ કેસમાં 58 જેટલા સ્થળોએ તપાસ કરી છે અને બિહાર પોલીસ દ્વારા 15 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે જ કુલ 40 આરોપીઓની ધરપકડ કરાઈ છે. અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે નીટ – યૂજી પ્રવેશ પરીક્ષાના પ્રશ્નપત્ર, પરીક્ષાના એક દિવસ પહેલા ઝારખંડના હજારીબાગથી લીક થયા હતા.

## GST

જુલાઇ મહિનામાં ચીજ વસ્તુ અને સેવા કર-જીએસટીની આવક 10.3 ટકા વધીને એક લાખ 82 હજાર કરોડ રૂપિયા થઈ છે, જે અત્યાર સુધીની ત્રીજી સૌથી વધુ આવક છે. નાણા મંત્રાલય દ્વારા પ્રસિધ્ધ વિગતો પ્રમાણે રિફન્ડને બાદ કર્યા બાદ ચોખ્ખી જીએસટી વસુલાત આશરે એક લાખ 60 હજાર કરોડ રૂપિયા હતી, જે 14.4 ટકાની વૃધ્ધિ સૂચવે છે.

## RAHUL GANDHI

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે પ્રવર્તન નિદેશાલય-ઇડી તેમનાં પર રેડ પાડવાની યોજના ઘડી રહ્યું છે. તેમણે જણાવ્યુ કે, ઇડીની અંદરનાં કેટલાંક માણસોએ તેમને રેડ પાડવાની યોજના અંગે જણાવ્યું છે અને તેઓ તેમની રાહ જોઈ રહ્યા છે.

શુક્રવારે સોશિયલ મીડિયા પોસ્ટમાં રાહુલ ગાંધીએ 29 જુલાઇએ લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર પરની ચર્ચા દરમિયાન આપેલા ભાષણનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, હું ઇડીનાં અધિકારીઓની રાહ જોઈ રહ્યો છું.

## DAY KERALA-WAYANAD

વાયનાડમાં મંગળવારે સર્જાયેલી ભુસ્ખલનની ઘટનાનો મૃત્યુઆંક વધીને 300ને પાર થયો છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે આ દુર્ઘટનામાં 308 લોકોએ પોતાનાં જીવ ગુમાવ્યા છે. જિલ્લામાં 91

રાહત શિબિરોમાં 7 હજારથી વધુ લોકો આશ્રય લઈ રહ્યા છે. કેરળની અત્યાર સુધીની આ સૌથી મોટી પ્રાકૃતિક આપત્તિનાં ચોથા દિવસે બચાવ અભિયાન ચાલી રહ્યું છે. લશ્કરનાં જવાનો અને પોલિસ કર્મચારીઓ તથા રાહત અને બચાવ દળની ટુકડીઓ અસરગ્રસ્ત વિસ્તારમાં માટી, ખડકો, પથ્થરો અને ઉખડી ગયેલા વૃક્ષોના અનેક સ્તરો વચ્ચે કાટમાળમાંથી મૃતદેહો શોધીને બહાર કાઢી રહ્યા છે. આ અભિયાનમાં લશ્કરના સ્નિફર ડોગ્સ અને પોલિસની પણ મદદ લેવામાં આવી છે.

ચુરલમાલા, વેલ્લારીમાલ, મુંડકાઇલ અને પુંચિરીમાડોમ વિસ્તાર સૌથી વધુ અસરગ્રસ્ત છે. 190 ફુટનાં બેલી બ્રિજનાં નિર્માણ બાદ ચુરલમાલા અને મુંડકાઇલ વચ્ચે સંપર્ક પૂર્વવત થઈ ગયો છે.

દરમિયાન, ભારતીય વાયુસેના એક સાથે વાયનાડ, કેરળ અને ઉત્તરાખંડની પહાડીઓમાં માનવતાવાદી સહાય અને રાહત કામગીરી કરી રહી છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

## *KEDARNATH YATRA SUSPENDED*

ઉત્તરાખંડના ટિહરી અને રુદ્રપ્રયાગ જિલ્લામાં મૂશળધાર વરસાદને કારણે કેદારનાથ યાત્રા સ્થગિત કરી દેવાઈ છે. દરમિયાન SDRF, NDRF, DDRF, પોલીસ અને જિલ્લા પ્રશાસનની ટુકડીઓએ મળીને અત્યાર સુધીમાં 2 હજાર લોકોને બચાવ્યા છે. જેમાં 425 જેટલા લોકોને ભિમબાલી, રામબાડા અને લિંચોલીમાંથી એર લિફ્ટ કરાયા હતા, જ્યારે અગિયારસો જેટલા લોકોને સોનપ્રયાગ અને ભિમબાલી વચ્ચેથી સુરક્ષિત બહાર કઢાયા હતા.

વાયુ દળ દ્વારા બચાવ કામગીરીમાં ચિનુક અને MI-17 હેલિકોપ્ટર તેમજ ત્રણ જેટલી ATF ટેન્ક જોડવામાં આવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડ આફતની સ્થિતિ પર નજર બનાવી રાખી છે. પ્રધાનમંત્રી કાર્યલયે આ વિશે પળેપળની માહિતી મેળવી રહ્યું છે. અને રાજ્ય સરકારને શક્ય

તમામ મદદ માટેની બાહેંધરી આપવામાં આવી છે. તો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ રાજ્યના મુખ્યમંત્રી પુષ્કરધામી સાથે ફોન પર વાતચીત કરી હતી.

દરમિયાન હવામાન વિભાગે રાજ્યમાં 48 કલાકમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરાખંડમાં વિવિધ જિલ્લાઓમાં વરસાદ અને ભૂસ્ખલનને કારણે જુદી જુદી ઘટનાઓમાં 11 લોકોના મોત થયા છે, જ્યારે 8ને ગંભીર રીતે ઈજા થવા પામી છે.

## *HIMACHAL PRADESH- CLOUD BURSTING*

હિમાચલ પ્રદેશના શિમલા, કુલ્લુ અને મંડી જિલ્લામાં બુધવારે મધ્યરાત્રિએ વાદળ ફાટવાના કારણે આવેલા પૂરે તબાહી મચાવી હતી. અત્યાર સુધીમાં પાંચ મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે 48 લોકો ગુમ છે અને શોધ અભિયાન ચાલી રહ્યું છે.

શિમલા જિલ્લાના રામપુરને અડીને આવેલા સમેજમાં સૌથી વધુ 36 લોકો ગુમ છે. રેસ્ક્યુ ટીમ મંડી જિલ્લામાં સાત અને કુલ્લુ જિલ્લાના નિરમંડમાં પાંચ ગુમ લોકોને શોધવામાં વ્યસ્ત છે. આજે સ્વચ્છ હવામાનના કારણે રાહત અને બચાવ કામગીરીને વેગ મળ્યો છે.

## *IMD- WEATHER*

ઉત્તર પશ્ચિમ ચોમાસું આગામી બે દિવસમાં દેશના પૂર્વીય ભાગોમાં જ્યારે કે આગામી ત્રણથી ચાર દિવસમાં મધ્ય ભારતના ભાગોમાં સ્ક્રીય થશે. દરમિયાન હવામાન વિભાગે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ગોવાના કેટલાક વિસ્તારોમાં મુશળધાર વરસાદની આગાહી કરી છે.

આ ઉપરાંત વિદર્ભ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, પૂર્વીય રાજસ્થાનમાં ભારે વરસાદ પડી શકે છે. આ તરફ કર્ણાટક, કેરળ, આસામ, મેઘાલય, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળના તટિય વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે.

## *PARIS OLYMPIC*

પેરિસ ઓલિમ્પિકમાં આજે સાતમા દિવસે અનેક ભારતીય ખેલાડીઓ નિશાનેબાજી, તીરંદાજી, બેડમિન્ટન, જુડો, હોકી અને એથ્લેટિક્સની સ્પર્ધામાં ભાગ લેશે.

નિશાનેબાજીમાં મનુ ભાકર મહિલાઓની 25 મીટર સ્પર્ધામાં ક્વૉલિફિકેશન રાઉન્ડમાં ભાગ લેશે, જ્યારે બેડમિન્ટન પુરુષ સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલમાં લક્ષ્ય સેનનો મુકાબલો ચીની-તાઇપેઇના ચાઉ-તિયેન-ચેન સામે થશે.

પુરુષ હૉકી પૂલ મેચમાં આજે સાંજે ભારત અને ઑસ્ટ્રેલિયા ટકરાશે. ભારતીય ટીમ અગાઉ ક્વાર્ટર ફાઇનલ માટે ક્વૉલિફાય થઈ ચૂકી છે.

જૂડોમાં મહિલાઓની 78 કિલોગ્રામથી વધુ વજન વર્ગ શ્રેણીમાં ભારતના તૂલિકા માન ક્યૂબાના ખેલાડી સામે મુકાબલો કરશે. ફાઇનલ સહિત આ શ્રેણીની તમામ મેચો આજે રમાઈ રહી છે.

## *IND SRI LANKA CRICKET*

ભારત અને શ્રીલંકા વચ્ચે ત્રણ દિવસીય ક્રિકેટ શ્રેણીનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. આ મેચ ભારતીય સમય અનુસાર બપોરે અઢી વાગે શરૂ થશે. રોહિત શર્મા અને વિરાટ કોહલી આ શ્રેણીમાં રમશે. આ પૂર્વે ભારતે શ્રીલંકા સામે ટી20 મેચની શ્રેણીમાં ત્રણ શૂન્યથી જીત મેળવી હતી.